
# સ્વાસ્થ્ય ક્ષેત્રનું પોલ ખોલતું પુસ્તક 'ધ સાઈલેન્ટ સિન્ડેકેટ'

જે પાયાની બાબતમાં આપણે ત્યાં કેવી લોલમલોલ ચાલી રહી છે તે અંગે કશુંય આંગળી ચીંધીને દાખવવું નથી પડતું; બધું ખુલ્લેઆમ ચાલે છે. શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રે સૌથી વધુ લૂંટ થઈ રહી છે અને આ વ્યવસ્થા જે રીતે ઊભી થઈ છે તેમાં સરકાર પણ આખો તમાશો જુએ છે. શિક્ષણ મુદ્દે તો ગત્ મહિને થયેલું 'ક્રોકોચ જનતા પાર્ટી'ના આંદોલનને દેશભરમાંથી સમર્થન મળ્યું હતું. સૌને લાગી રહ્યું હતું કે આ આપણો મુદ્દો છે. એ રીતે સ્વાસ્થ્ય ક્ષેત્રે જે કંઈ લોલમલોલ છે તે વિશે હાલમાં એક પુસ્તક લખાયું છે. આ પુસ્તકનું નામ છે : 'ધ સાઈલેન્ટ સિન્ડેકેટ : હાઉ બિગ ફાઈનાન્સ ઈઝ ડિસ્ટ્રોઈંગ ઈન્ડિયાઝ હેલ્થકેર'. પુસ્તકના




મથાળાંનો ગુજરાતી અર્થ કંઈક આવો થાય છે કે કેવી રીતે આર્થિક હિત ધરાવતું છૂપું વેપારીમંડળ દેશના સ્વાસ્થ્ય ક્ષેત્રને વેરવિખેર કરી રહ્યું છે. પુસ્તકના પ્રસ્તાવનામાં લેખક અમીર શાહુલે જે વિગતો ટાંકી છે તે બધી ચોંકાવનારી છે. પ્રસ્તાવનામાં અમીર શાહુલે લખે છે કે, 'કોઈ પણ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય ક્ષેત્રને નિયંત્રીત કરતી સંસ્થા નથી, જેમ કે હોસ્પિટલના પથારીનો ખર્ચ, કન્સલ્ટેશન, સર્જરી અને નિદાન વિશે થાય છે. દવા અને અન્ય સાધનોની કિંમતને અંકુશ કરવાનું કાર્ય કેટલેક અંશે 'નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈઝિંગ ઓથોરિટી'[NPPA] કરે છે, પરંતુ હોસ્પિટલની સર્વિસ ખાનગી કોન્ટ્રાક્ટની જેમ થાય છે અને તેમાં કોઈ અંકુશની વાત આવતી નથી. હોસ્પિટલના ખર્ચનો આંકડો, એક જ શહેરમાં અને દરદીની પ્રોફાઈલ મુજબ ખૂબ અંતર હોય છે. જેમ કે, એક જ પ્રકારની એન્જિયોપ્લાસ્ટીનો ખર્ચ એક હોસ્પિટલમાં 1.20 લાખ હોઈ શકે અને આ હોસ્પિટલના એક કિલોમીટર પર જ આવેલી બીજી હોસ્પિટલ તે જ એન્જિયોપ્લાસ્ટીનો ખર્ચ 4.80 લાખ લેવાય.- આ બંને ખર્ચને કોઈ રીતે અયોગ્ય ગણવામાં આવતો નથી. કોઈ સર્વાંગી એક ખર્ચ વ્યાખ્યાયિત કર્યા ન હોવાથી, કોર્પોરેટ હોસ્પિટલ ઈન્સ્યોરન્સ મુજબ દરદીઓ પાસેથી કિંમત વસૂલે છે. સ્વાસ્થ્ય ક્ષેત્રમાં બજાર કિંમતના અવેજમાં બદલે હોસ્પિટલના દર્શાવેલી કિંમત મુજબ ખર્ચ લેવાય છે.'એ વાત સાચી છે કે આપણા દેશનું સ્વાસ્થ ક્ષેત્રમાં આવેલા પરિવર્તનથી વિશ્વભરના દરદીઓને જ્યારે કોઈ ખર્ચાળ ઓપરેશન કરાવવું હોય તો તેઓ આપણા હોસ્પિટલને પ્રાધ્યાન્ય આપે છે. પરંતુ આ પ્રેક્ટિસમાં દેશના ગરીબી અને મધ્યમ વર્ગમાં આવતો વર્ગ સ્વાસ્થ સુવિધાથી વંચિત રહે છે. બીજું કે વિશ્વભરમાં દવા અને સ્વાસ્થ્ય ક્ષેત્રના સાધનોની કિંમત કેવી રીતે નિયમન થાય છે તેની વિગત પુસ્તકમાં આપવામાં આવી છે. 'જેમ કે બ્રિટનમાં સ્વાસ્થ્ય ક્ષેત્રનો ખર્ચ કેન્દ્રિય સંસ્થા દ્વારા નિર્ધારીત કરવામાં આવ્યો છે. આ રીતે જર્મની હોય કે ફ્રાન્સમાં પણ સ્વાસ્થ્યના ખર્ચને નિયંત્રિત કરવામાં આવે છે. સિંગાપોર જેવાં દેશોમાં તો સ્વાસ્થ ક્ષેત્રમાં લેવાતા શુલ્કની એક પુસ્તિકા પ્રકાશિત થાય છે, જેમાં અંદાજિત ભાવ આપવામાં આવ્યો છે.' એ સ્વાભાવિક છે કે વિકસિત અને પ્રમાણમાં નાના કદ ધરાવતા દેશોમાં આ તમામ બાબતનું નિયમન થઈ શકે અને ભારત જેવા મસમોટાં દેશમાં તેમાં ક્યાંક મર્યાદા પણ આવે. આ મર્યાદામાં નજીવો ફરક પડતો હોય તો તે વિશે કોઈ વિરોધ ન દર્શાવે, પરંતુ અહીં જાણે ઉઘાડી લૂંટ ન ચાલતી હોય તે પ્રકારનું ચિત્ર છે. આપણ દેશ પાસે એવી કોઈ વ્યવસ્થા નથી જેનાથી દરદીની છેતરાતા અટકાવી શકાય! ન તો કોઈ માર્ગદર્શિકા છે, ન તો જવાબદારી અને તેથી અહીંયા માત્ર ને માત્ર નફાને સર્વોપરી મૂકી દેવામાં આવ્યો છે.

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

પુસ્તકના લેખક અમીર શાહુલ આ બધું લખી શક્યા કારણ કે તેઓ આવા વિષયને ન્યાય આપવા માટે જાણીતા છે. અગાઉ તેમણે તમિલનાડુમાં આવેલા કોડાઈકેનાલ હિલ સ્ટેશનને કેવી રીતે હિંદુસ્તાન લિવર કંપનીએ મર્ક્યૂરીથી પ્રદૂષિત કર્યું હતું તેનો વિગતવાર અહેવાલ અને તે પછી પુસ્તક લખ્યું છે. આ રીતે દેશમાં વેક્સિનેશનની પૂરો ઈતિહાસ આલેખતું પુસ્તક પણ તેમણે લખ્યું છે. આ પુસ્તકમાં તેઓ ઘણી અજાણી વિગત લઈ આવ્યા છે. એક સ્થાને તેઓ ડૉક્ટર સાથેનો સંવાદ ટાંકતા લખે છે કે, 'ટોચની એક કોર્પોરેટ હોસ્પિટલના ચેઈનના ડૉક્ટરે મને કહ્યું હતું કે, અમે ક્યારેય દરદી કેટલો સ્વસ્થ્ય થયો છે એ નથી પૂછતા, બલકે અમે હોસ્પિટલમાં કેટલાં બેડ ભરાયેલા છે તે પૂછીએ છીએ. આ એક વાક્ય આપણા દેશની ખાનગી સ્વાસ્થ્ય ક્ષેત્રની વાસ્તવિકતા દાખવવા પૂરતું છે.'

આ વિષયમાં અમીર શાહુલ સંશોધન કરવા પ્રેરાયા તે તેમના પરિવારના સભ્યનું નિદાન-સારવાર કરવા ગયા તે દરમિયાન. તેમણે જોયું કે એકેએક પ્રક્રિયા અર્થે તેમને અલગ-અલગ જગ્યાએ ભટકવું પડ્યું; અને તે વેળાએ તેમના ધ્યાને આવ્યું કે અહીં તાકાતવાન જૂથ છે, જેઓ દેશની નીતિ અને પ્રાથમિકતા પર પ્રભાવ પાડે છે. અને અમીરે તપાસ કરી તો ખ્યાલ આવ્યો કે આ બધું એક છૂપા નેટવર્કની જેમ થાય છે, તેમાં કશુંય પારદર્શિતાથી

**આપણ દેશ પાસે એવી કોઈ વ્યવસ્થા નથી જેનાથી દરદીને છેતરાતા અટકાવી શકાય! ન તો કોઈ માર્ગદર્શિકા છે, ન તો જવાબદારી અને તેથી અહીંયા માત્ર ને માત્ર નફાને સર્વોપરી મૂકી દેવામાં આવ્યો છે**

આપણી સમક્ષ મૂકાતું નથી. તેઓ એમ પણ કહે છે કે સ્વાસ્થ્ય સંબંધિત મહત્ત્વની નીતિઓ ન તો આપણા દેશમાં કોઈ નક્કી કરે ન કોઈ ભારતીય તેમાં છે, બલકે આ સિન્ડિકેટ ન્યૂયોર્ક, લંડન, ઝ્યુરિચ અને સિંગાપોર જેવા દેશમાંથી ચાલે છે.

વિદેશમાંથી કેવી રીતે ભંડોળ સ્વાસ્થ્ય ક્ષેત્રમાં આવી રહ્યું છે અને તેનો બિઝનેસ કેવી રીતે નફા કેન્દ્રિત બની રહ્યો છે - તે પણ પુસ્તકમાં આપેલી અનેક વિગતોથી પ્રકાશમાં આવે છે. જેમ કે, અનેક હોસ્પિટલોમાં હવે વિદેશી રોકાણ આવી રહ્યું છે અને એ રીતે વિવિધ ફાર્મા કંપનીઓમાં પણ વિદેશી ફર્મ ઈન્વેસ્ટ કરી રહી છે. 2022ના આરંભની વાત કરીએ તો 'જનરલ એટલાન્ટિક'જે મૂળે અમેરિકાની ફર્મ છે અને બીજી મૂળ જાપાનની કંપની 'સોફ્ટબેન્ક'દ્વારા 'એપોલો હેલ્થકો'કંપનીમાં રોકાણ કરવા માટે સંવાદ ચાલી રહ્યો છે. 2024માં એ પ્રમાણે 'એપોલો હેલ્થકો કંપની'માં 'એડવન્ટ ઈન્ટરનેશનલ'દ્વારા રોકાણ થયું હતું. 'એડવન્ટ ઈન્ટરનેશનલ'કંપની પણ અમેરિકાથી સંચાલિત થાય છે. 'એપોલો હેલ્થકો'કંપનીમાં પણ મુખ્ય દવા વિતરક કંપની 'કેઈમડ'[KEIMED]ને 12 ટકા જેટલો હિસ્સાની ભાગીદારી મળી છે. આ ભાગીદારી પછી 'એપોલો હોસ્પિટલ'માં પણ 'કેઈમડ'કંપનીએ રોકાણ કર્યું છે. આ રીતે એપોલો કંપનીમાં અનેક વિદેશી કંપનીઓનો હિસ્સો વધી રહ્યો છે. હિસ્સો વધવાથી એપોલો ઝડપથી પોતાના વેપારનો વિસ્તાર કરી રહી છે અને સાથે સાથે તેનો નફો પણ ગતિથી વધ્યો છે.

આજના સમયમાં કોઈ પણ સ્ટાર્ટ અપ કરે છે ત્યારે મસમોટી કંપનીઓ તેનો હિસ્સો આકર્ષક કિંમતે ખરીદી લે છે. આ ટ્રેન્ડ માત્ર આપણા દેશમાં નથી, બલકે વિદેશમાં પણ છે. જોકે સ્વાસ્થ્ય ક્ષેત્રે પ્રોફીટ માટે આવી રહેલા વિદેશી નાણાંથી આખરે તો લોકોનો નિદાન-સારવાર-દવા મોંઘી થઈ રહી છે. આ મુદ્દે સરકાર આંખ આડા કાન કરી રહી છે. એક સમયે સ્વાસ્થ્ય ક્ષેત્ર પોતાની જવાબદારી સમજતી હતી અને તે મુજબ જ આપણા દેશમાં સરકાર દ્વારા હોસ્પિટલો નિર્માણ પામી. સરકારી માળખામાં સ્વાસ્થ્ય સુવિધા લેનારી એક આખી પેઢી આપણી વચ્ચે છે. પરંતુ હવે પ્રોફીટ એ પ્રથમ-અંતિમ ઉદ્દેશ છે. જેમ કે, 2015માં પ્રશાંત ટંડન, ગૌરવ અગ્રવાલ નામના બે વ્યક્તિઓએ '1MG'નામની કંપનીની શરૂઆત કરી હતી. આ કંપનીએ શરૂઆતમાં દવાઓની કિંમતમાં પારદર્શિતા અને લોકોને યોગ્ય દવા સુધી પહોંચાડવાનો ટારગેટ રાખ્યો હતો. તેમાં તેઓ સફળ પણ થયા. પરંતુ આ કંપનીના સ્થાપકો 'ટાટા ડિજિટલ'થી આકર્ષિત થયા અને તેમાં 'ટાટા ડિજિટલ'દ્વારા 62 ટકા હિસ્સો ખરીદી લીધો. તે પછી કંપનીનું નામ પણ 'ટાટા 1MG'કરી દેવામાં આવ્યું. હવે ગ્રાહકો માટે '1MG'કંપનીનું નામ ભૂંસાઈ રહ્યું છે અને તેના સ્થાને ટાટાની શાખથી આ કંપનીના નામ પર તે હાવી થઈ ચૂક્યું છે. આ બધું જોઈને જેમનું ઓનલાઈન પ્લેટફોર્મ અને વ્યવસ્થા મજબૂત છે તે 'એમેઝોન'અને 'ફ્લિપકાર્ટ'પણ આમાં પડ્યા, જોકે હજુ તેમનો વિસ્તાર મર્યાદિત રીતે થયો છે.

આવું કેટકેટલું છે જે આપણને સુવિધા આપવાના બહાને નફો રળવા માટે એક આખું નેટવર્ક બનાવી ચૂક્યા છે. છૂપી રીતે થતો આ બિઝનેસ હજુય લોકોના ધ્યાને પારદર્શિ રીતે આવ્યો નથી.



# તેરી દોસ્તી, મેરા પ્યાર

# મૈત્રીભાવની મસ્ત મદિરા!

**ટાઇટલ્સ: દોસ્તીના એમ.ઓ.યુ. નથી હોતા! (છેલવાણી)**

સંગીતકાર આર.ડી. બર્મન અને લક્ષ્મી-પ્યારે બોલીવૂડમાં કટ્ટર હરીફ, પણ એટલાં જ સારા મિત્રો. 1964માં લક્ષ્મી-પ્યારેને 'દોસ્તી' નામની પહેલી ફિલ્મ મળી ત્યારે ગીતોમાં માઉથ ઓર્ગન વગાડવા માટે ડરતાં-ડરતાં આર.ડી.ને પૂછ્યું. આર.ડી.એ તરત જ બધાં ગીતોમાં માઉથ ઓર્ગન વગાડ્યું. 'દોસ્તી' ફિલ્મને 'બેસ્ટ મ્યુઝિક'નો ફિલ્મફેર એવોર્ડ મળ્યો. પછી છેક 1980માં લક્ષ્મી-પ્યારેને ફરી ફિલ્મફેર એવોર્ડ મળ્યો. એ જ વર્ષે રફી સાહેબને આર.ડી.ના ગીત 'ચાંદ મેરા દિલ' માટે એવોર્ડ મળ્યો હતો. સમારંભમાં રફીજીને આર.ડી.નું ગીત ગાવાનું હતું, ત્યારે લક્ષ્મી-પ્યારેએ સામેથી કહ્યું, ''મહાન સંગીતકાર આર.ડી.નાં ગીતની ઓરકેસ્ટ્રા રફીજી માટે અમે વગાડીએ, એથી વધુ ગર્વની વાત કઈ હોય?''

..........................................................

અમેરિકામાં ગેર્ડી મેકકેન્ના નામની એક સ્ત્રીને બ્રેસ્ટ કેન્સર થયું. કેન્સરના ઈલાજ માટે કેમોથેરાપી લેતાં ગેર્ડીના બધા વાળ ઊતરી ગયા. તેને હિંમત આપવા તેની 11 બહેનપણીઓએ પણ પોતાના લાંબા વાળ કપાવીને સંપૂર્ણ ટાલ કરી લીધી, જેથી ગેર્ડીને હૂંફ મળી શકે.

.....................

વિશ્વયુદ્ધ વખતે જર્મનીમાં મા-દીકરો ક્રિસમસનું ડિનર લેતા હતા ત્યારે ઘાયલ અમેરિકન સૈનિકો ઘરમાં આશરો લેવા આવી પહોંચ્યા. ત્યારે જર્મનો માટે દુશ્મન સૈનિકોને આશરો આપવો એટલે મોતને આમંત્રણ આપવા જેવું હતું. છતાં માએ ઘાયલ સૈનિકોનું સ્વાગત કર્યું.

થોડીવાર પછી ફરી દરવાજો ખખડ્યો. આ વખતે ઘાયલ નાઝી સૈનિકો આવ્યા હતા. મા ડરી ગઈ, પણ પછી તેણે બંને પક્ષના સૈનિકોને શસ્ત્રો મૂકી દેવા કહ્યું અને એ રાત્રે કોઈ હત્યા નહીં કરે એવું વચન લીધું. સૈનિકો સંમત થયા અને સૌએ શાંતિથી ક્રિસમસની ડિનર પાર્ટી ઉજવી. યુદ્ધની લોહિયાળ શત્રુતા વચ્ચે મિત્રતાની આ અસંભવ વાર્તા અહીં અટકતી નથી. સવારે નાઝી સૈનિકોએ અમેરિકન સૈનિકોને જીવતા જવા દીધા. એટલું જ નહીં, તેમની છાવણી તરફ પાછા જવાની દિશા પણ બતાવી અને રસ્તામાં બીજા નાઝી સૈનિકોથી કેવી રીતે બચવું તેની પણ માહિતી આપી.

મિજાજ મસ્તી
સંજય છેલ

આજે ફ્રેન્ડશિપ ડે છે, જેની શરૂઆત 1935માં થઈ હોવાનું કહેવાય છે. કહે છે કે અમેરિકન સરકારે ઓગસ્ટના પહેલા રવિવારે એક વ્યક્તિની હત્યા કરી હતી અને તેના મિત્રએ આ ઘટનાથી દુઃખી થઈ આત્મહત્યા કરી હતી. ત્યારથી ઓગસ્ટનો પહેલો રવિવાર 'ફ્રેન્ડશિપ ડે' તરીકે ઉજવાય છે.

**ઈન્ટરવલ:**

**દુશ્મનોં સે પ્યાર હોતા જાયેગા,**
**દોસ્તોં કો આઝમાતે જાઈએ.**
**– ખુમાર બારાબંકવી**

એક પોલીસવાળો રાત્રે 10 વાગ્યે રાઉન્ડ પર નીકળ્યો હતો. વરસાદને લીધે રસ્તાઓ સૂમસામ હતા. તેણે જોયું કે દૂર એક બંધ હાર્ડવેર સ્ટોરના અંધારા દરવાજા પાસે સળગાવ્યા વગરની સિગાર મોંમાં રાખીને એક માણસ ઊભો હતો. પોલીસવાળાને આવતો જોઈને તે ગભરાઈ ગયો અને બોલ્યો, ''સર, હું મારા મિત્ર જિમ્મીની રાહ જોઉં છું. તમે માનશો નહીં, પણ આજની અમારી મુલાકાત 20 વર્ષ પહેલાં નક્કી થઈ હતી. હું અને જિમ્મી બે સગા ભાઈઓની જેમ આ ન્યૂયોર્કમાં ઉછરેલા. હું ડૉલર કમાવવા પશ્ચિમ તરફ ગયો, પણ જિમ્મી માટે તો ન્યૂયોર્ક જ તેની આખી દુનિયા હતી. આજે હું તેની રાહ જોઈ રહ્યો છું.''

''અચ્છા? પછી એ મિત્રના કોઈ સમાચાર?''

''થોડો સમય તો પત્રવ્યવહાર ચાલ્યો, પણ પછી સંપર્ક તૂટી ગયો. છતાં આજે હું હજારો માઈલ દૂરથી આવ્યો છું અને મને ખાતરી છે કે જિમ્મી જીવતો હશે તો ચોક્કસ આવશે.'' આટલું કહીને તેણે દીવાસળીથી સિગાર સળગાવી. દીવાસળીના ઝાંખા પ્રકાશમાં પોલીસ ઓફિસરે તેનો નિસ્તેજ, ચોરસ જડબાવાળો ચહેરો જોયો. તેની જમણી આંખની ભ્રમરની નીચે ઈજાનું નાનકડું નિશાન હતું. સુંદર હીરાજડિત ઘડિયાળમાં જોઈને તેણે કહ્યું, ''હવે 10 વાગવામાં માત્ર ત્રણ મિનિટની વાર છે.''

''10 વાગ્યે એ નહીં આવે તો?''

''તો પણ કમસેકમ અડધો કલાક તો રાહ જોઈશ જ.''

પોલીસવાળો તેને જોતો રહ્યો અને પછી મોં ફેરવી ચાલ્યો ગયો.

વીસેક મિનિટ પછી એક ઊંચો-તગડો માણસ ઝડપથી તેની પાસે આવ્યો અને પૂછ્યું, ''તું બોબ છે ને?''

**'દોસ્તોને ડિવોર્સ નથી આપી શકાતા' મૈત્રી, દોસ્તી કે ફ્રેન્ડશિપ લોહીનાં સંબંધો કરતાં વધુ ઘટ્ટ કે નફ્ફટ હોય છે, પણ જીવ સટોસટ હોય છે**

''હા! અને તું જિમ્મી વેલ્સ? મને ખાતરી હતી કે તું હયાત હશે તો મને મળવા આવીશ જ,'' બોબે તેને ભેટતાં કહ્યું.

''બોલ, પશ્ચિમ તરફ કેવી રહી જિંદગી?''

''મેં જીવન પાસે માંગ્યું તેના કરતાં ઘણું વધુ મળ્યું. પણ જિમ્મી યાર, તું બહુ બદલાઈ ગયો લાગે છે. પહેલાં કરતાં થોડો ઊંચો દેખાય છે... અને તું કરે છે શું?''

''હું સરકારી નોકરી કરું છું. ચાલ બોબ, આપણી જાણીતી જગ્યાએ જઈને જૂની યાદો વાગોળીએ.'' બંને આગળ વધ્યા. થોડા પ્રકાશમાં આવતાં જ બંનેએ એકબીજાનો ચહેરો સ્પષ્ટ જોયો. બોબ તરત જ અટકી ગયો.

''ના... તું મારો મિત્ર જિમ્મી વેલ્સ નથી. 20 વર્ષ એટલો લાંબો સમય નથી કે કોઈનું રોમન પુરુષ જેવું અણીદાર નાક આમ ચપટું થઈ જાય.''

''હા, પણ 20 વર્ષ એટલો લાંબો સમય તો છે જ કે એક સારો માણસ ખરાબ બની શકે. છેલ્લી દસ મિનિટથી તારી ધરપકડ કરવામાં આવી છે, 'સિલ્કી બોબ'! શિકાગો પોલીસનો અમને વાયરલેસ સંદેશો મળ્યો હતો. પરંતુ આપણે પોલીસ સ્ટેશન જઈએ એ પહેલાં કોઈએ તને આ ચિઠ્ઠી મોકલાવી છે,'' પોલીસવાળાએ કહ્યું.

બોબે ચિઠ્ઠી વાંચી–

પ્રિય બોબ,

હું નક્કી કરેલા સ્થળે સમયસર પહોંચી ગયો હતો. પરંતુ જ્યારે તે સિગાર સળગાવવા દીવાસળી પેટાવી ત્યારે એ પ્રકાશમાં મેં એવા માણસનો ચહેરો જોયો, જે શિકાગોમાં 'મોસ્ટ વોન્ટેડ' હતો. એક પોલીસ ઓફિસર તરીકે મને મારા દોસ્તની ધરપકડ કરતાં જીવ ન ચાલ્યો, એટલે એ કામ બીજા પોલીસકર્મીને સોંપ્યું.

તારો,
જિમ્મી

.......

ઓ. હેન્રીની આ અમર વાર્તા દોસ્તીની સૂક્ષ્મતમ સંવેદનાને સુંદર રીતે વ્યક્ત કરી જાય છે.

**હેપ્પી ફ્રેન્ડશિપ ડે!**

**એન્ડ ટાઈટલ્સ:**

**આદમ: દોસ્તી એટલે?**
**ઈવ: જેમાં આવો સવાલ પૂછવો ન પડે.**

# અજિંક્ય રહાણે : એક મૂક યોદ્ધાએ આખરે થાકીને પોતાની કેરિયર પર પડદો પાડ્યો

પાંચ વર્ષ પહેલાની વાત છે જ્યારે ઓસ્ટ્રેલિયામાં અણધારી ટેસ્ટ શ્રેણી જીત માટે ભારતીય ટીમનું નેતૃત્વ કર્યા પછી, ઘણા સ્ટાર ખેલાડીઓની ગેરહાજરીને કારણે નબળી પડી ગયેલી અજિંક્ય રહાણે મુંબઈમાં તેની રહેણાંક સોસાયટીમાં પાછો ફર્યો હતો, અને તેના પડોશીઓએ કાંગારુ આકારની ટોપિંગવાળી કેકથી તેનું સ્વાગત કર્યું હતું. રહાણેએ એક નજર નાખી અને ટોપિંગ દૂર કર્યા પછી જ કેક કાપવા માટે સંમત થયો. કાંગારુ ઓસ્ટ્રેલિયન ગૌરવનું પ્રતીક છે, અને તેની જીત છતાં, તે હરીફ ટીમના રાષ્ટ્રીય પ્રતીકનું અપમાન કરવા માંગતો ન હતો. આ ઘટના એ વ્યક્તિના ચરિત્રને ઉજાગર કરે છે જે શાંત રહ્યો અને પોતાનું કામ સંપૂર્ણ પ્રામાણિકતા અને હિંમતથી કરતો.

રહાણેએ ૮૫ ટેસ્ટ મેચોમાં ૫,૦૦૦ થી વધુ રન બનાવ્યા છે, જેમાં ૧૨ સદીનો સમાવેશ થાય છે. તેણે ભારત માટે પોતાની છેલ્લી મેચ બે વર્ષ પહેલાં રમી હતી અને હવે તેણે ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે. જોકે, એક પ્રશ્ન બાકી છે: શું રહાણે એવો ખેલાડી હતો જેણે ખરાબ પ્રદર્શન કર્યું હતું, કે પછી ભારતીય ક્રિકેટ દ્વારા તેને ઓછો આંકવામાં આવ્યો હતો?

ખેલખેલમેં



રહાણેએ પોતાની કારકિર્દીનો મોટાભાગનો સમય ભારતીય ક્રિકેટના બે મહાન ખેલાડીઓ વિરાટ કોહલી અને રોહિત શર્માના પડછાયા હેઠળ રમ્યો હતો, જેના કારણે ભારતીય ક્રિકેટમાં તેમના યોગદાનની વધુ ચર્ચા થઈ શકી નથી. આમ છતાં 2021ના ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન એડિલેડ ટેસ્ટમાં ભુંડી હાર પછી નિયમિત કેપ્ટન વિરાટ કોહલી પેટરનીટી લીવ પર ગયો અને તેની ગેરહાજરીની સાથે જ ટીમના ઘણાં મહત્વના ખેલાડીઓને થયેલી ઈજાઓ છતાં, તેણે ઓસ્ટ્રેલિયામાં પોતાને એક સક્ષમ અને પ્રેરણાદાયી નેતા સાબિત કરીને બોર્ડર ગાવસ્કર સીરિઝમાં ભારતને ઐતિહાસિક જીત અપાવી તે તેની સૌથી મોટી સિદ્ધિ રહી હતી. તેણે માત્ર કેપ્ટન તરીકે જ નહીં પરંતુ બેટ્સમેન તરીકે પણ સારું પ્રદર્શન કર્યું, જેના કારણે ભારતને ઐતિહાસિક જીત મળી.

પરંતુ બધા શાંત ખેલાડીઓની જેમ, રહાણેને લાંબા સમય સુધી કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં ન આવ્યો છતાં પણ ક્યારેય ફરિયાદ કરી નહીં. તેણે કટોકટી દરમિયાન ટીમને કુશળતાપૂર્વક સંભાળી, ડ્રેસિંગ રૂમમાં શાંત રહેવાની અને કામ પૂર્ણ કરવાની પોતાની ક્ષમતા દર્શાવી. તેણે ક્યારેય કેમેરા સામે કોઈ લાગણી દર્શાવી નહીં. ઓસ્ટ્રેલિયા સામે સીરિઝ જીત્યા પછી તેના ચહેરા પર સંતોષ સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો. પછી, નિયમિત કેપ્ટનની વાપસી પછી, તેણે ફરિયાદ વિના પોતાનું કામ કર્યા કર્યું. ફરિયાદ કરવી તેના સ્વભાવમાં નહોતી. જ્યારે તે આઠ વર્ષનો હતો, ત્યારે તેના પિતા મધુકરે તેને ડોંબિવલીથી મુંબઈ મેદાન સુધી એકલા મુસાફરી કરવાનું કહ્યું, તેણે ફરિયાદ કરી નહીં. તેમણે સખત મહેનત દ્વારા ઘરેલુ ક્રિકેટમાં પોતાનું સ્થાન મેળવ્યું અને મર્યાદિત તકોમાં પણ ભારતનું શાનદાર નેતૃત્વ કર્યું. પોતાના નામ પ્રમાણે, તેણે કેપ્ટનશીપ કરેલી તમામ છ ટેસ્ટ મેચમાં તે નોટઆઉટ રહ્યો.

લોર્ડ્સની ઘાસવાળી પીચ પર પહેલા દિવસે તેની સદી એક એવી ઈનિંગ હતી જેમાં તેની ધીરજ અને ટેકનિક બંનેનો સરખો પરિચય થયો. પરંતુ પ્રશંસા ઈશાંત શર્માને મળી, જેણે અંતિમ દિવસે સાત વિકેટ લીધી. આની રહાણે પર કોઈ અસર પડી નહીં. તે સંતુષ્ટ હતો કે તેણે પોતાનું કામ સારી રીતે કર્યું છે. 2021 માં મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ પર પણ આવી જ સ્થિતિ સર્જાઈ હતી. એડિલેડમાં 36 રનથી ઓલઆઉટ થયેલા શરમજનક પરાજય પછી, મેલબોર્નમાં રહાણેની સદીએ સીરિઝને બરાબરી પર મૂકવાનો પાયો નાંખ્યો હતો. તેમની કેપ્ટનશીપ વ્યૂહાત્મક રીતે તેજસ્વી, અભિવ્યક્તિમાં સરળ અને અમલમાં તેજસ્વી હતી.

તેણે મહંમદ સિરાજ, શાર્દુલ ઠાકુર, ટી નટરાજન અને વોશિંગ્ટન સુંદર જેવા બોલરોનો શાનદાર ઉપયોગ કરીને ભારતને સીરિઝમાં જીત અપાવી. તે એક યાદગાર સિદ્ધિ હતી, પરંતુ તેણે ઋષભ પંતને ભારતીય ધ્વજ લઈને વિજય સરઘસનું નેતૃત્વ કરવા દેવાનું પસંદ કર્યું અને પોતે બીજી હરોળમાં ફર્યો. તેણે મેલબોર્નમાં દક્ષિણ આફ્રિકા સામે વન ડે વર્લ્ડકપમાં પણ શાનદાર ઈનિંગ રમી હતી, પરંતુ તે ઝડપથી લોકોની સ્મૃતિમાંથી ભૂંસી ગઈ. તે ઈનિંગના દોઢ વર્ષમાં જ તેને વન ડે ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો.

રહાણેને સ્પિનરોનો સામનો કરવામાં મુશ્કેલી પડતી હતી, જે તેની નબળાઈ બની ગઈ અને આખરે તેને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો. પરંતુ રહાણેએ મેદાન પર હોય કે મેદાનની બહાર, દરેક જગ્યાએ પોતાની શાલીનતા દર્શાવી. આનું એક ઉદાહરણ એ છે કે, એક ઘરેલુ મેચ દરમિયાન, તેણે યશસ્વી જયસ્વાલને વિરોધી બેટ્સમેન સાથે ગાળો બોલ્યા બાદ મેદાનની બહાર "બહાર જવા" આદેશ આપ્યો. તેણે અમ્પાયરની રાહ જોઈ નહીં. તેણે ફક્ત જયસ્વાલને મેદાન છોડી જવાનો આદેશ આપ્યો હતો.

**રહાણેએ પોતાની કેરિયરનો મોટાભાગનો સમય ભારતીય ક્રિકેટના બે દિગ્ગજ વિરાટ કોહલી અને રોહિત શર્માના પડછાયા હેઠળ ગાળ્યો, જેના કારણે ભારતીય ક્રિકેટમાં તેના યોગદાનની વધુ ચર્ચા થઈ શકી નથી પણ 2021માં ઘાયલ ટીમ સાથે ઓસ્ટ્રેલિયાની ધરતી પર સીરિઝ જીતવી એ તેની સૌથી મોટી સિદ્ધિ રહી હતી**

તે ભારતીય ટીમમાં અંદર-બહાર થતો રહ્યો, પણ તેણે ક્યારેય પોતાનો જુસ્સો ગુમાવ્યો નહીં. તેણે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલમાં વાપસી કરી, જ્યાં તે ઓવલ ખાતે ઓસ્ટ્રેલિયા સામે સદી ફટકારતા માંડ માંડ ચૂકી ગયો, પરંતુ વેસ્ટ ઈન્ડીઝમાં બે નિષ્ફળતાઓએ તેની ઈન્ટરનેશનલ કેરિયરનો અંત લાવ્યો.